

ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીની જન્મ જયંતી નિમિત્તે ભાજપ ગાંધીનગર વોર્ડ.૧માં સેક્ટર.૨૭ ખાતે સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જીગાબાપુ, ભાજપ ઉપપ્રમુખ ઉરેન પટેલ, પૂર્વ જિલ્લા પંચાયતના પ્રમુખ હિનાબેન, વૉર્ડ પ્રમુખ ઉમેશ જહા , મહામંત્રી વિજય શાહ, પ્રવીણ પટેલ, પિયુષ ટીલારાની હાજરીમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો. અને તેજ દિવસે સાંજે હોમીઓપેથી દવાનું વિતરણ કરવામાં આવ્યુ.

# મ.દે.ગ્રામસેવા સંકુલ સાદરામાં આર્યુવેદિક ઉકાળાનું વિતરણ





ચિલોડા, તા. ૭

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરા ખાતે આયુષ મંત્રાલય ભારત સરકાર દ્વારા પ્રસ્તુત માર્ગદર્શિકા અનુસાર કોરોના સામે રક્ષણ પ્રાપ્ત થાય અને કર્મચારીઓની રોગ પ્રતિકારક શક્તિ વધે એ હેતુથી આર્યુવેદિક ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. મ.દે.ગ્રામસેવા સંકુલ સાદરાના રાષ્ટ્રીય સેવા યોજના એકમ અને કાર્યક્રમ અધિકારી પ્રશિક્ષણ કેન્દ્ર ગૂજરાત વિદ્યાપીઠના સંયુક્ત ઉપક્રમે આયોજન કરવામાં આવ્યું હતું. ઉકાળામાં તુલસી, અરડુસી, આદુ, હળદર, તજ, લવિંગ, તીખા મરી, અજમો, નગોડ, સુંઠ, લીંબુપાન, લેમન ગ્રાસ, ફુદીનો, સુકી દ્રાક્ષ, મધ, તાજો લીંબુ રસ વગેરેનો ઉકાળો બનાવવામાં આવ્યો હતો. સંકુલના તમામ પરિવારજનો, સેવક ભાઈઓ-બહેનો તથા પંચાયતી રાજ તાલીમ કેન્દ્રના સેવકોએ લાભ લીધો હતો. સમગ્ર કાર્યક્રમ દરમિયાન સામાજિક દુરી અંગે યોગ્ય કાળજી લેવામાં આવી હતી. આ કાર્યક્રમનું આયોજન સંકુલના સંયોજક પ્રા.રમેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ પ્રોગ્રામ ઓફિસર ડૉ.મોતીભાઈ દેવું, ડૉ.દિવ્યેશભાઈ ભટ્ટ અને ડૉ.પ્રવીણભાઈ દુલેરા તથા જયેન્દ્રસિંહ રહેવરે વિશેષ સહયોગ આપ્યો હતો.

# સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાતમાં સ્પોકન ગુજરાતીના ઓનલાઈન ટ્રેનીંગ પ્રોગ્રામનો આરંભ

ગાંધીનગર, તા. ૭

સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત, ગાંધીનગરના ગુજરાતી ભાષા-સાહિત્ય કેન્દ્ર દ્વારા, 'એક ભારત શ્રેષ્ઠ ભારત' અંતર્ગત છ દિવસીય 'ગુજરાતી બેઝીક લેંગવેઝ ટ્રેનીંગ પ્રોગ્રામ'નું આયોજન તા. ૬/૭/૨૦૨૦થી તા.૧૧/૦૭/૨૦૨૦. દરમિયાન કરવામાં આવ્યું છે, જેની ઉદ્ઘાટન બેઠકમાં, EBSBના ચેરમેન ડૉ. અતનુ મહાપાત્રાએ સમગ્ર કાર્યક્રમની રુપરેખા પ્રસ્તુત કરી હતી.જ્યારે કુલસચિવ પ્રો. આલોક ગુપ્તાએ, ગુજરાતી ભાષાનો મહિમા વ્યક્ત કર્યો હતો. ગુરુ ઘાસીદાસ સેન્ટ્રલ યુનિવર્સિટી, છત્તીસગઢના કુલપતિ પ્રો. અંજલિ ગુપ્તાએ 'એક ભારત શ્રેષ્ઠ ભારત' અંતર્ગત છત્તીસગઢના વિદ્યાર્થીઓ ગુજરાતી ભાષા અને સંસ્કૃતિથી અવગત થશે, એનો આનંદ વ્યક્ત કર્યો હતો. સેન્ટ્રલ યુનિવર્સિટીના કુલપતિશ્રી રામાશંકર દૂબેએ અધ્યક્ષીય ઉદબોધન કર્યું હતું, જેમાં ભારતીય સંસ્કૃતિની મહત્તા અને એની વિવિધતામાં પણ રહેલી એકતાની વાત કરી હતી અને આ કાર્યક્રમને મહત્વનું પગલું ગણાવ્યું હતું. ગુજરાતી સેન્ટરના ચેરપર્સન પ્રો. રાજેશ મકવાણાએ,આ છ દિવસીય પ્રોગ્રામના વિવિધ વિષયો અને વ્યાખ્યાનોની વિગતો આપી હતી. સેન્ટરના ડૉ. અજયસિંહ ચૌહાણે આભારવિધિ કરી હતી.

આ ટ્રેનીંગ પ્રોગ્રામમાં ગુરુ ઘાસીદાસ સેન્ટ્રલ યુનિવર્સિટી, છત્તીસગઢના ૧૯૪ વિદ્યાર્થીઓ, તેમજ સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાતમાં અભ્યાસ કરતા પરપ્રાંતના વિદ્યાર્થીઓ પણ સહભાગી થયા છે.




લાયન્સ કલબ કલોલ સિટી દ્વારા ત્રીજો વૃક્ષારોપણ કાર્યક્રમ ૬ જુલાઈના દિવસે રેલવે સ્ટેશન, કલોલ ખાતે રાખવામાં આવેલ આ વૃક્ષારોપણ કાર્યક્રમમાં ૮ થી ૧૦ ફૂટની હાઈટ વાળા ટ્રી ગાર્ડ સાથે ના ૧૦૮ છોડ વાવવામાં આવેલ જેમાં લાયન્સ ઈન્ટરનેશનલ ડિસ્ટ્રીકિટ ડાયરેક્ટર એન્વાયરમેન્ટ લા. બી ડી પટેલ, પ્રોજેક્ટ ચેરમેન લા. કાર્તિકભાઈ પટેલ, સેક્રેટરી લા.સંજયભાઈ કે પટેલ ટ્રેઝરર લા વિજયભાઈ પટેલ, પ્રોજેક્ટ કો.ચેરમેન લા. અજયભાઈ રાજપુત લા. હરેશભાઈ ભાટી લા. પપ્પુભાઈ, ZC - હિમાંશુભાઈ પંડ્યા તથા રેલવે ઓથોરિટી તરફથી મિતેશભાઈ વ્યાસ તેમજ અન્ય રેલવે હોદ્દેદારો હાજર રહ્યા હતા તથા ક્લબના કુલ ૪૫ જેટલા સભ્યોએ હાજરી આપી વૃક્ષારોપણ કાર્યક્રમને સફળ બનાવ્યું હતું.

## રાષ્ટ્રીય કવિઓનું ગુરુકૂળના રામસ્વામીના હસ્તે સન્માન

ગાંધીનગર, તા. ૭

ગુરુ પૂર્ણિમા નિમિતે ઓનલાઈન આંતરરાષ્ટ્રીય કવિ સંમેલન તારીખ ૫ જુલાઇ ૨૦૨૦ના ગાંધી નગર સાહિત્ય સેવા સંસ્થાન દ્વારા આયોજિત કરવામાં આવ્યું હતું, જેમાં દેશ વિદેશમાંથી કવિઓ ઉપસ્થિત રહ્યા હતા અને પોતાની ગુરુ વાણી પ્રસ્તુત કરી હતી, ઓસ્ટ્રેલિયાથી બિનલ પટેલ, સ્વપન જેસરવા કર ગોવિંદભાઈ પટેલ અમેરિકા, રમેશભાઈ પટેલ આકાશ દિપ કેલિફોર્નિયા ખાતેથી કવિ ઓ જોડાયા હતા, ભારત મા થી ઈન્દોર, દિલ્લી, મુંબઈ વિગેરે પ્રદેશ તેમજ ગુજરાત પ્રદેશ ના તમામ જિલ્લા ઓ મા થી ગુજરાતી કવિ ઓ જોડાયા હતા. તેર વર્ષનો ધોરણ ૮ માં આણંદ ખાતે અભ્યાસ કરતો પાવન પુનિત સુથાર અને ૮૪ વર્ષના સુધા બેન ધનેશા કેશોદ થી જોડાયા હતા અને કવિતા પ્રસ્તુત કરી હતી. આ કાર્યક્રમ અનુસંધાન આજે તારીખ ૬ જુલાઈ ૨૦૨૦ ના રોજ ૪ વાગ્યે ગુરુકુળ ગાંધીનગર ના હસ્તે સન્માન કાર્યક્રમ યોજાયો હતો.આ કાર્યક્રમમાં સરસ્વતી વંદના અને સદગુરૂની આરતી ડૉ ગુલાબચંદ પટેલ અધ્યક્ષ દ્વારા કરીને કાર્યક્રમની શરૂઆત કરી હતી, રામ સ્વામી એ ગુરુ વંદના રજૂ કરી હતી. સંસ્થા દ્વારા બે મહિના માં કુલ ૨૪ કવિ સંમેલન, સન્માન સમારોહ અને પુસ્તક વિમોચન ના યોજાયા છે પરંતુ આ કાર્યક્રમ તો તમામ કાર્યક્રમ થી અનોખોઆનદી રહ્યો. સંસ્થા ના કાર્યક્રમ માં જોડાવા માટે કવિ લેખક ની ઉત્કઠા બહુ જ છે અન્ય સંસ્થા કરતા ખૂબ સરસ આયોજન ને કારણે લોકો ને જોડાવું ખૂબ ગમે છે

# બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે વિદ્યાર્થીઓ માટે 'Farewell function for budding Engineers' યોજાયો


વલ્લભ વિદ્યાનગર, તા. ૭


ચારુતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલયના ઈસી એન્જનિયરિંગ ડિપાર્ટમેન્ટ દ્વારા અંતિમ વર્ષના વિદ્યાર્થીઓ માટે ડિજિટલ પ્લેટફોર્મ ના માધ્યમ થી "Farewell function for budding Engineers" યોજાયો.આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ડૉ.ઈંદ્રજિત એન.પટેલ (પ્રિન્સિપાલ,બીવીએમ ) ડૉ.ભાર્ગવ ગોરડિયા (હેડ,ઈસી એન્જી ),બીવીએમ ઈસી એલ્યુમની મેમ્બર્સ હર્ષ ધોળકિયા (Qualcomm, બેંગલુરુ ), અદિતી શાહ (Caspian Impact Investments Private Limited),કેવલ દવે (મશીન લર્નિંગ એન્જીનીયર,હ્લફ્રર્ષંજીં, બેંગલુરુ ), મીત શાહ (DevOps Engineer , Emirates, દુબઇ) ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે સંસ્થા ના પ્રિન્સિપાલ ડૉ.ઈંદ્રજિત એન.પટેલે જણાવ્યું હતું કે બીવીએમ ની સ્થાપના ૧૪ જૂન ૧૯૪૮ ના રોજ સરદાર પટેલ, ભાઈકાકા,ભીખાભાઈના માર્ગદર્શન તથા ઘનશ્યામદાસજી બિરલાના અનુદાનથી થઈ હતી આજે પુરા વિશ્વમાં બીવીએમ ના ૨૦૦૦૦ થી વધુ એન્જીનીયર્સ અલગ અલગ જગ્યા એ કાર્યરત છે તથા અંતિમ વર્ષ ના વિદ્યાર્થીઓ તેમની કારકિર્દી માં ઉચ્ચ લક્ષ્યાંકો હાંસલ કરે તેવી શુભેચ્છા વ્યક્ત કરી હતી.


ઈસી એન્જીનીયરીંગ વિભાગ ના વડા ડૉ.ભાર્ગવ ગોરડિયા એ જણાવ્યું હતું કે 'ફેરવેલ ફંકશન ફોર બડિંગ એન્જનિયર્સ ' નો મૂળભૂત ઉદ્દેશ્ય અંતિમ વર્ષના વિદ્યાર્થીઓ બીવીએમ ઈસી એલ્યુમની મેમ્બર્સ ની જેતે કારકિર્દી ના અનુભવો પરથી ઓપોર્ચ્યુનિટીસ તથા ચેલેન્જીસ વિષે માહિતી મેળવી શકે તથા પોતાના અનુભવો શૅર કરી શકે તેનો છે આ ઉપરાંત તેમણે જણાવ્યું હતું કે બીવીએમ ઈસી એન્જી ડિપાર્ટમેન્ટ વિદ્યાર્થીઓ ના કરીઅર ડેવલપમેન્ટ માટે હંમેશા તત્પર રહેશે.


ઉપરોક્ત ઈવેન્ટ માં અદિતી શાહે બીવીએમ તથા ઈરમા ના અનુભવો વ્યક્ત કરતા જણાવ્યું હતું કે પાવર ઓફ લર્નિંગ,રેકગનાઇઝ ઈકો સિસ્ટમ,સેલ્ફ કોન્ફિડન્સ તથા કન્સીસ્ટન્સી એ સફળતા માટે અગત્યના પરિબળો છે.હર્ષ ધોળકિયા એ ઈન્ટેલ કોર્પોરેશન માં ઈન્ટર્નશિપ, કોર્પોરેટ વર્લ્ડ ની ગ્લોબલ કોમ્પિટિશન,હાર્ડવર્ક એન્ડ લર્નિંગ એપ્રોચ વિષે જણાવ્યું હતું.કેવલ દવે એ જણાવ્યું હતું કે ઈસી એન્જનિયરિંગ પછી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ તથા મશીન લર્નિંગ ક્ષેત્રે કારકિર્દી માં મેથેમેટિકલ સ્કિલ દ્વારા સરળતા થી જોબ મેળવી શકાય છે.મીત શાહે પોતાના અનુભવ દ્વારા લર્નિંગ સ્કિલ વિષેનું મહત્વ જણાવ્યું હતું.ઓનલાઇન ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા ઉપસ્થિત સૌ વિદ્યાર્થીઓ એ ઈસી એન્જી. ડિપાર્ટમેન્ટના અધ્યાપકો નો તેમની શૈક્ષણિક કારકિર્દીમાં યોગદાન બદલ આભાર વ્યક્ત કર્યો હતો.ઉપરોક્ત ઈવેન્ટનું સંચાલન પ્રો.રોબિન્સન પોલ તથા પ્રો.ઘનશ્યામ રાઠોડે કર્યું હતું. ઈવેન્ટને સફળ બનાવવા માટે ડૉ.દર્શન દલવાડી તથા પ્રો.અર્જુન બામભણીયા એ ઉત્સાહપૂર્વક કામગીરી હાથ ધરી હતી.ચારુતર વિદ્યામંડળ ના અધ્યક્ષ એન્જીનીયર ભીખુભાઈ પટેલ તથા અન્ય હોદ્દેદારો એ શુભેચ્છા પાઠવી હતી.














ડાયરેક્ટ ❤ સે
સારા કામ માટે સારી સવાર તો રોજ મળે છે... બસ આપણે એને સારા વિચારથી જોવાની જરૂર છે...

## જન્મદિને વધામણી



જયેશકુમાર ડાહ્યાલાલ જોષી
મો. ૯૪૨૬૩ ૧૬૯૭૪



ઘનશ્યામ બાબરીયા
મો. ૯૫૧૦૯ ૨૫૨૯૮



ધૃવી મનોહરસિંહ રાઠોડ



સેજલબેન શાહ
લાયોનેસ કલબ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# સ્મિત ફાઉન્ડેશન દ્વારા જયા પાર્વતી વ્રતની ઉજવણી





ગાંધીનગર, તા. ૭

સ્મિત ફાઉન્ડેશન દ્વારા ગાંધીનગર ચરેડી અને અમદાવાદ રીવર ફ્રન્ટ વિસ્તારમાં નાના બાળકો સાથે ગુરપૂર્ણિમા અને ગૌરીવ્રતની ઉજવણી કરવામાં આવી. જયાપાર્વતી વ્રત એટલે ગૌરો કહેવાય છે દરેક બાળ કન્યાઓ આ વ્રત કરતી હોય છે તેમને ઉજવણીમાં ફ્રુટ,ફરારી આપ્યું હતું ત્યારે ગુરપૂર્ણિમા વિષે સમજણ પણ આપી હતી. સ્મિત ફાઉન્ડેશનના ટ્રસ્ટી આનંદભાઈ પારેખ ગુરુપૂર્ણિમા વિષે વધુ કહેતા ગુરુપૂર્ણિમાં ભારતમાં વિશેષ દિવસ છે આ દિવસે ગુરુ શિક્ષક અથવા આધ્યાત્મક ગુરુનું સન્માન કરવામાં આવે છે. ગુરુ એ છે જે ધર્મનો માર્ગ બતાવે છે ગુરુ મોક્ષનો સાચી રાહ બતાવનાર ભોમિયો છે. મનુષ્યનો પ્રથમ ગુરુ એટલે જન્મ અને સંસ્કાર આપનાર માતા પછી શિક્ષિત કરનાર શિક્ષક વિશિષ્ઠ છે. આપણી સંસ્કૃતિ અને ધર્મનો પાયો જ્ઞાન છે, જ્ઞાન મેળવવા માટે ગુરુનું હોવું અતિ આવશ્યક છે.

"ગુરુ બિન નહિ જ્ઞાન" ગુરુ જ શિષ્યોને નવજીવન માટે તૈયાર કરે છે આ દિવસે ગુરુ, ઋષિમુનીઓ અને સંતો દ્વારા પહેલા ભેટ આપવા માં આવતી હતી ગુરુની ભૂમિકામાં સાધકોને જ્ઞાન આપવાની છે સાથે સાથે અંદર રહેલા આત્માને જીવંત, તેજસ્વીપ્રકાશ સાથે જોડાવવામાં પણ મદદ કરે છે. ત્યારે અષાઢી પૂનમના રોજ ગુરપૂર્ણિમા તરીકે ઓળખવામાં આવે છે અહિયાં બાળકોને સોસિયલ ડીસ્ટન્સ સાથે અલગ અલગ રમત રમાડવામાં આવી હતી અને ગુરપૂર્ણિમાની કેટ કટિંગ કરવા માં આવી હતી. ઉપસ્થિત મહેમાનોમાં સ્મિત ફાઉન્ડેશનના ફાઉન્ડર જીત પારેખ, હર્ષ જોશી,નરેશ ચૌહાણ, પ્રિયંકા પાંડે, પ્રિન્શી પટેલ, ક્રીશ તિવારી, ઉમેશ સથવારા, યસ કડિયા,વગેરે ઉપસ્થિત રહી ગુરપૂર્ણિમાના દિવસેની ઉજવણી કરી હતી.

# કેડિલા ફાર્માએ એફડીએ રજીસ્ટર્ડ રોગ પ્રતિરોધક સીરપ બજારમાં મૂકી

અમદાવાદ, તા. ૭

અમદાવાદ સ્થિત કેડિલા ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડે "કેડિઈમ્યુન" નામ હેઠળ તેનુ ઈમ્યુન બુસ્ટર સીરપ બજારમાં મુક્યુ છે. કોવિડ-૧૯ સામે લડત આપી રહેલા ૧૫૦ આયુષ પ્રેકટિશનર્સને આ સીરપ નુ વિતરણ કરવામાં આવ્યુ છે.

આયુષ મંત્રાલયે રોગ પ્રતિકારક શક્તિ વધારવા માટે લેવાનાં પગલાં અંગે વિવિધ માર્ગરેખાઓ જાહેર કરી છે. વર્તમાન સમયમાં સલામતી અને સાવચેતીને પ્રોત્સાહનના પ્રયાસ તરીકે કંપનીએ રોગ પ્રતિકારક સીરપ રજૂ કર્યુ છે. આ સીરપ રોગ પ્રતિકારક શક્તિ હાંસલ કરવામાં અને વાયરલ ચેપ લાગવાના કિસ્સામાં જીવને જોખમ થાય તેવી જટિલતા સામે પ્રતિકાર શક્તિ પૂરી પાડે છે.

આ ફોર્મ્યુલેશન પુખ્ત વયની વ્યક્તિઓ અને બાળકોના ઉપયોગ માટે સીરપના સ્વરૂપે ઉપલબ્ધ છે અને તે રોગ પ્રતિકારક શક્તિ વધારવામાં સહાય કરે છે. કેડિઈમ્યુન ડાયજેસ્ટીવ ફાયર ઉપર કામ કરી સારી ગુણવત્તા ધરાવતી સપ્તધાતુ નુ નિર્માણ કરે છે.

અર્ક મેળવવાની અતિઆધુનિક પધ્ધતિઓનો ઉપયોગ કરીને બનાવાયેલુ આ સીરપ તેના સુગંધલક્ષી ગુણધર્મો જાળવી રાખે છે. કેડિઈમ્યુનમાં મુખ્યતત્વો નગરમુષ્ઠા (નટગ્રાસ) ઉશીર (ખસ) રક્તચંદન (સુખડ) આદુ, કાલમેઘ હરિતકારી વગેરેનો ઉપયોગ કરવામાં આવ્યો છે.




કેડિઈમ્યુન આલ્કોહૉલ અને પ્રિઝર્વેટિવ રહિત છે અને તેની કાર્યક્ષમતા અકબંધ રાખવા તેને કાચની બૉટલમાં પેક કરાયુ છે. તે ઈમ્યુનિટી પેદા કરવા માટે સક્ષમ ઓજસ પેદા કરવાનુ કામ કરે છે ઈમ્યુનિટી બુસ્ટર સીરપ ૧૧૦ મીલી અને ૨૨૦ મીલીના પેકીંગમાં ઉપલબ્ધ છે.

દેશ જ્યારે અનલોક -૨માં પ્રવેશી રહ્યો છે ત્યારે લોકો પોતાની પૂરી તાકાત સાથે બહાર આવે અને વાયરલ ચેપ લાગતો અટકાવી શકે તે માટે પોતાની રોગ પ્રતિકારક શક્તિની કાળજી લે તે આવશ્યક છે. કેડિઈમ્યુન સામાન્ય શરદી જેવો વાયરલ ચેપ લાગતો તો અટકાવેજ જ છે. પણ સાથે સાથે વાયરલ કે બેકટેરિયલ ચેપના અવારનવાર થતા હૂમલાને રોકે છે અને વાયરલ ચેપ, એલર્જીક રીટનીસ કે ડેંગ્યુના કિસ્સામાં સહાયક થેરાપી તરીકે કામ કરે છે.

કેડિલા ફાર્માએ તાજેતરમાં સલામતી અને સેનેટાઈઝેશનને પ્રોત્સાહન માટે વિવિધ સેનેટાઈઝર્સની રેન્જ રજૂ કરી છે સંસ્થાએ તરસાડ, ધોળકા, ઈંગોલી અને વીરડી ગામોમાં વિવિધ આવશ્યક ચીજોની હજારો કીટનુ વંચિત પરિવારોને વિતરણ કર્યુ છે.